**હોળીના અંગારા પર ચાલવાની પરંપરા**

# ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામમાં પાંડવકાળથી અંગારા પર શ્રધ્ધાળુ ચાલે છે

ખેડબ્રહ્મા, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામમાં હોળી પર્વની ઉજવણી મહાકાળી માતાજીની પૂજનવિધિ સાથે થાય છે. હોળીને પ્રગટાવ્યા પછી હોળીના ધગધગતા અંગારા પર લોકો ખુલ્લા પગે ચાલી અનોખી રીતે આ પર્વ ઉજવવામાં આવે છે. દર વર્ષે આગીયાની હોળી જોવા રાજય ભરમાંથી તથા રાજસ્થાનમાંથી લોકો આવે છે.

આગીયા ગામમાં હોળી પ્રગટાવ્યા પછી હોળીની આગથી વાઘેલા વંશજો દ્વારા એક વાંસ સળગાવવામાં આવે છે. આ સળગતો વાંસ લઈ મહાકાળી માતાજીનું નામ લેતા મંદિર પાસે આવેલી વાવમાં સળગતા વાંસને ઠંડો કરવામાં આવે છે. સળગતા વાંસને માતાજીની વાવ સુધી પહોંચાડવા માટે વાઘેલા વંશજો મદદ કરતા હોય છે અને હોળીની જગ્યાએથી માતાજીની વાવ સુધી પહોંચાડવા માટે વાઘેલા વંશજો મદદ કરતા હોય છે અને હોળીની જગ્યાએથી માતાજીની વાત સુધી માતાજીનું નામ સતત બોલાતું રહે તેની કાળજી પણ રાખવામાં આવે છે ત્યાર બાદ મહાકાળી માતાજીના જય ઘોષ સાથે ગામના ભાઈઓ તથા બાળકો શ્રધ્ધાથી હોળીના ધગધગતા અંગારા પર ઉઘાડા પગે ચાલે છે અને અંગારાથી જરા પણ દઝાતું નથી. હોળીના અંગારા પર ચાલનાર પાસે સોના-ચાંદીના દાગીના કે ચામડાની કોઈ વસ્તુ ન હોવી જોઈએ તેની ખાસ તકેદારી રાખવામાં આવે છે. હોળીની સળગતી ધજા હવામાં ઉડતી નીચે આવે અને તેને નિઃસંતાન વ્યકિત ઝીલે તો તેના ઘેર પારણું બંધાય છે તેવી માન્યતા પ્રચલિત છે.

આ વર્ષે રવિવારે રાત્રે ૯.૩૦ વાગે હોળી પ્રગટાવવામાં આવશે. મહાકાળી માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ ભૂપતસિંહ એસ. વાઘેલા-ટ્રસ્ટીઓ પ્રવિણભાઈ ફુલજીભાઈ પટેલ-રાજેન્દ્રસિંહ જે. વાઘેલા તથા શાસ્ત્રી ઋતુલકુમાર જે. જોષી તથા તમામ ટ્રસ્ટીઓ આ અનોખા પર્વની ઉજવણીની તૈયારીમાં લાગી ગયા છે અને પ્રમુખ ભૂપતસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે આગીયા ગામે પ્રગટતી હોળીની પરંપરા પાંડવ કાળથી ચાલતી આવે છે.

# હિંમતનગરમાંથી લુંટારૂ ગેંગ ઝડપાઈ

## સાબરકાંઠા જિલ્લામાં થયેલ ૧૨ ચોરી-લૂંટના ગુન્હાનો ભેદ ઉકેલાયો : લૂંટના દાગીના વેચવા આવનાર જ મુખ્ય સુત્રધારોને એલ.સી.બી. પોલીસે વોચ ગોઠવી દબોચી લીધા

હિંમતનગર, તા.૧૨

સાબરકાંઠા જિલ્લાના જુદા જુદા મથકો ઉપર ચોરી અને લૂંટના બનાવોને અંજામ આપી લોકોની ઊંઘ હરામ કરનાર ધાડપાડુ ગેંગના ૪ મુખ્ય સુત્રધારોને ઝડપી લઈ પોલીસે ૧૨ જેટલા ચોરી-લૂંટના ગુન્હા ઉકેલવામાં ભારે સફળતા મેળવી છે. લુંટારૂ ગેંગના જ ૪ શખ્સો લૂંટનો મુદ્દામાલ વેચવા હિંમતનગર આવી રહ્યા છે તેવી બાતમીના આધારે જિલ્લા પોલિસવડા ચિરાગ કોરડીયાની રાહબરી હેઠળ એલ.સી.બી. પી.આઈ. જે.એમ.આલ, પી.એસ.આઈ. એ.વી. ટોળીયા એ વોચ ગોઠવી લુંટારૂ ગેંગના ૪ ને ઝડપી લઈ જેલ હવાલે કર્યા છે.

પોલીસ પાસેથી પ્રાપ્ત થયેલ વિગત અનુસાર સાબરકાંઠા જિલ્લાના વડાલી, ખેડબ્રહ્મા, ખેરોજ સહિત જુદા જુદા મથકો ઉપર તસ્કરોએ ચોરી




અને લૂંટના બનાવોને અંજામ આપી લોકોની ઊંઘ હરામ કરી દીધી હતી ત્યારે લૂંટના ગુન્હાઓને અંજામ આપતી ગેંગને ઝડપી લેવા પોલીસે જાળ બિછાવી હતી તે દરમિયાન એલ.સી.બી. પોલીસને બાતમી મળી હતી કે લુંટારૂ ગેંગના સુત્રધારો લૂંટના દાગીના વેચવા હિંમતનગર આવી રહ્યા છે. પોલીસે વોચ ગોઠવી લૂંટ ગેંગના મુખ્ય સુત્રધાર લાડુ હોમીડાભાઈ પરમાર, નરેશ ધૂળાભાઈ પરમાર, રાજુ દીનાભાઈ પારધી અને સેજુ ધનાભાઈ પારધીને ઝડપી લઈ તેમની પાસેથી રૂ, ૬૧૩૮૫ની કિંમતના સોના-ચાંદીના દાગીના ૧ મોબાઈલ અને રૂ. ૪૦૦ રોકડા કબજે લઈ તેમના રીમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે.

### એલઆઈસી કર્મચારીઓ દ્વારા પડતર માંગણીઓ માટે સૂત્રોચ્ચાર

ડીસા, તા.૧૨

એલઆઈસીના કર્મચારીઓએ પોતાની વિવિધ માંગણીઓ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. શ્રમિક કાયદાનું કડક પાલન થાય, ભાવ વધારો અંકુશમાં આવે, એફડીઆઈને અટકાવવો, અસંગઠીત ક્ષેત્રના કામદારોને સુરક્ષા પુરી પાડવી, સધ્ધર જાહેર એકમોનું ખાનગીકરણ અટકાવવું, કર્મચારીઓની ભરતી, પેન્શનનો વિકલ્પ આપવો સહીત માંગણીઓને ઓલ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ એમ્પલોઈઝ એસો. દ્વારા ડીસા એલઆઈસી શાખા ખાતે સૂત્રોચ્ચાર કર્યા હતા. જેમાં જયેશ દેસાઈ, ઈર્શાદ ઘોરી, જયેશ કાનુડાવાલા, માનસિંહ પરમાર સહીત મેમ્બરો જોડાયા હતા.



હિન્દુ સંસ્કૃતિની પરંપરા મુજબ મૃતકને તેના દિકરા કાંધ આપી અંતિમ વિધિ કરે છે ત્યારે આજે ખેડબ્રહ્માના દેરોલ મુકામે આ પરંપરાથી વિપરીત ઘટના બની હતી. ખેડબ્રહ્માના દેરોલ મુકામે દિકરી ભાવનાબેન વાળંદના માતા મંગુબેન દેવાભાઈ વાળંદ ઉ.વ.૭૫ એ અંતિમ શ્વાસ લીધા હતા ત્યારે તેમની દિકરીઓ ગીતાબેન વાળંદ, ભાવનાબેન વાળંદ અને જયોત્સનાબેન વાળંદે માતાની નનામીને કાંધ આપી હતી અને પુત્રની ફરજ અદા કરી હતી જયારે ત્રણેય જમાઈઓએ સાસુના અગ્નિ સંસ્કાર કર્યા હતાં. (તસવીર : રમેશ વૈષ્ણવ)

# ઉંચીધનાલમાં ગેરકાયદેસર વૃક્ષછેદન

## પંચાયતના નાક નીચે પાંચ બાવળનું છેદન થતાં વહીવટ કરતા શંકાના દાયરામાં : પૂર્વ સરપંચ પ્રાંત અધિકારી-મામલતદાર તથા આર.એફ.ઓ.ને લેખિત રજુઆત કરી

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્મા તાલુકાના ઉંચીધનાલ ગામમાં સરકારી જમીનમાંના લીલાછમ્મ પાંચ દેશી બાવળનું છેદન કરી દેવાતા આ અંગે કાર્યવાહી કરતા પૂર્વ સરપંચે સક્ષમ અધિકારીઓને લેખિતમાં રજુઆત કરતા ગામમાં હોબાળો મચી જવા પામ્યો છે.



આ અંગેની વિગતો એવી છે કે ખેડબ્રહ્મા તાલુકાના ઉંચીધનાલ ગામના તળાવની પાસે સરકારી ખુલ્લી જમીનમાં સ્મશાન-વોટરવર્કસનો કુવો તથા દેશી બાવળ, લીમડા અન્ય વૃક્ષોની લીલીછમ વનરાજી આવેલી છે. આ વર્ષો પુરાણા વૃક્ષો પૈકી પાંચ બાળળનું છેદન કરી દેવામાં આવતા ગામમાં હોબાળો મચી જવા પામ્યો છે. પૂર્વ સરપંચ ડાહ્યાભાઈ માધુભાઈ પટેલે પ્રાંત અધિકારી-મામલતદાર તથા આર.એફ.ઓ.ને કાયદેસર કાર્યવાહી કરવા લેખિતમાં રજુઆત કરી છે. લીલા વૃક્ષ કાપવાનો પ્રતિબંધ હોવા છતાં પંચાયતના ઠરાવ જરૂરી મંજૂરી તથા હરાજી વગર પાંચ બાવળ



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

કાપી નાખવામાં સરપંચ, ડે. સરપંચ તથા સદસ્યોની મીલીભગત હોવાનો પૂર્વ સરપંચે આક્ષેપ કર્યો છે. અને કાયદેસર કાર્યવાહી કરવા માંગ કરી છે.

આ અંગે પંચાયતના ડે. સરપંચ કેતનભાઈ પટેલે જણાવ્યું હતું કે સ્મશાનમાં બેસવાની જગ્યા ન હોવાથી ગામના દાતા તરફથી બાંકડા મુકવાની જાહેરાત કરવામાં આવતા ગામ લોકોએ જગ્યાની સફાઈ કરી કેટલાક દેશી બાવળનું છેદન કરી દીધું છે. આ અંગે પંચાયતની કોઈ ભૂમિકા નથી.

આ અંગે મામલતદાર એચ.એન. મોદીએ જણાવ્યું હતું કે વૃક્ષ છેદનની અરજી અંગે સર્કલ ઈન્સ્પેક્ટર દ્વારા પંચનામુ કરાવી વૃક્ષછેદન ધારા હેઠળ કાર્યવાહી ચલાવવામાં આવશે.

# ધનસુરા એસ.ટી. ડેપોની પરબ બંધ મુસાફરો પરેશાન

ધનસુરા, તા.૧૨

અરવલ્લી જિલ્લાના ધનસુરા એસ.ટી. સ્ટેન્ડે પાણીની પરબ છેલ્લા ઘણા સમયથી બંધ હાલતમાં છે જેથી મુસાફરો ઉનાળામાં ભારે મુશ્કેલી વેઠી રહ્યા છે અને પૈસા ખર્ચીને પોતાની તરસ છીપાવી રહ્યા છે ત્યારે તંત્ર દ્વારા સત્વરે આ પરબ શરુ કરવામાં આવે તેવું મુસાફરો ઈચ્છી રહ્યા છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના એસ.ટી.કંટ્રોલ પોઈન્ટની અસંખ્ય બસો રોજ અવરજવર કરે છે. આ કંટ્રોલ પોઈન્ટની અમદાવાદ તરફના રૂટ પર જતી તમામ બસો અંદાજે દિવસ દરમિયાન ૧૦૦થી પણ વધુ બસો ધનસુરા એસ.ટી. ડેપોમાં થઈને પસાર થાય છે ત્યારે હાલ એસ.ટી. તંત્રની આળસને લીધે ધનસુરા એસ.ટી. ડેપોમાં સ્થિત પાણીની પરબ બંધ હાલતમાં પડી છે. પરિણામે અસંખ્ય મુસાફરો રોજ પાણી માટે મુશ્કેલીઓ વેઠી રહ્યા છે. વર્ષોથી બંધ હાલતમાં પડી રહેલ પાણીની આ પરબ મુસાફરો માટે તાત્કાલિક શરુ કરવામાં આવે તેવું મુસાફરો ઈચ્છી રહ્યા છે.




પાલનપુર કેપલ હોટલ ખાતે યોજાયેલ ફિલ્ડ રીપોર્ટર્સ એસોસીએશનના નવ નિયુક્ત પ્રમુખ વિનોદ સુંદેશાની પદ ગ્રહણવિધિ કરાવી રહેલા ગાંધીનગર સમાચારના બનાસકાંઠા જિલ્લાના બ્યુરોચીફ ગણપતભાઈ જોષી, સાંસદસભ્ય હરિભાઈ ચૌધરી, નગરપાલિકા પ્રમુખ હસમુખભાઈ પઢિયાર અને આમંત્રિતો ઉપસ્થિત રહ્યા હતા.

### ડાભી ગામની વિદ્યાર્થિનીને યુવાન ભગાડી જતા પોલીસ ફરિયાદ

ઊંઝા, તા. ૧૨

ઊંઝા નજીકના ડાભી ગામે કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીને તેણીના ગામનો જ એક યુવાન ક્યાંક ભગાડી ગયો હોવાની ફરિયાદ સ્થાનિક પોલીસમથકે નોંધાયેલ છે.

પોલીસના જણાવ્યા મુજબ ઊંઝા નજીકના ડાભી ગામે કોલેજમાં અભ્યાસ કરતી મૂળ બહુચરાજી પાસેના સંખલપુર ગામની યુવતી બીના મફતલાલ પટેલને તેણીનો સહપાઠી સંદીપ બાબુલાલ પટેલ નામનો યુવાન ક્યાંક ભગાડી જતા યુવતીના વાલીએ ઊંઝા પોલીસમથકે ફરિયાદ નોંધાવતા પોલીસે યુવાન વિરૂદ્ધ અપહરણનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. તાજેતરમાં ઉપરોક્ત યુવતી ક્યાંક ગુમ થઈ હતી. જેથી યુવતીના વાલીએ તેણીના સહપાઠી પર શંકા વ્યક્ત કરી હતી.

### દુઃખદ અવસાન

ઊંઝા, તા. ૧૨

ઊંઝા નજીક ઉનાવા ગામના બ્રહ્મસમાજના અગ્રણી કનૈયાલાલ જગન્નાથ રાવલનું આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણુ તા. ૧૪-૩-૨૦૧૪ને શુક્રવારના રોજ સવારે ૮ થી બપોરે ૧ સુધી નંદાબા વાડી ઉનાવા ખાતે રાખેલ છે.

# પાટણમાં કોંગ્રેસની પદયાત્રા યોજાઈ

પાટણ, તા. ૧૨

અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની સૂચના અને માર્ગદર્શન




મુજબ સમગ્ર દેશના તાલુકા-જિલ્લા અને શહેરોમાં કોંગ્રેસ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સત્તાધારી પક્ષ ભાજપ સરકારની ભ્રષ્ટાચારની હકીકતો લોકો સમક્ષ લાવી તેઓની તમામ પોલોને ખોલવામાં આવી રહી છે તે અનુસંધાને આજે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ પ્રેરીત પાટણ જિલ્લા કોંગ્રેસ દ્વારા શહેરના કનસડા દરવાજા ખાતેથી વિશાળ પદયાત્રા કાઢવામાં આવી હતી. જેમાં યુપીએ સરકારની વિવિધ સિદ્ધિઓ અને યોજનાઓનો સંદેશ લોકો સુધી પહોંચાડવાની માહિતી આપવામાં આવી હતી. જેમાં યુપીએ સરકાર દ્વારા અન્ન તથા પોષણ અધિકારી, વ્યાજબી વળતર જમી સંપાદન, મફત શિક્ષણનો અધિકાર, રાષ્ટ્રીય ગ્રામીણ સ્વાસ્થ્ય મિશન, ફેરીયા અને પાથરણાનો વ્યવસાયીક હક્ક, મનરેગા યોજના સહિત અનેકવિધ યોજનાઓથી લોકોને માહિતગાર કરવાના હેતુથી આ પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. તો આ પદયાત્રા થકી ગુજરાતની ભાજપ સરકારના ભ્રષ્ટાચારની હકીકતોથી લોકોને વાકેફ કર્યા હતા. જેમાં સત્તારૂઢ સરકારમાં ખેડૂત નિઃસહાય બન્યો છે અને સાત હજારથી વધુ ખેડૂતોએ આત્મહત્યા કરી છે તો શિક્ષણના વ્યાપારીકરણથી રાજયભરમાં ૩૦ લાખ યુવાધન બેરોજગાર બન્યું છે. તેમજ ગાંધીનગરમાં ઉદ્યોગપતિઓ અને બિલ્ડરોને નજીવા દરે જમીનની ફાળવણી કરી કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરવામાં આવી રહ્યો છે. તેવી પત્રિકાઓની વહેંચણી કરી હતી. આ રેલી કનસડા દરવાજાથી પ્રસ્થાન થાય તે પૂર્વે જિલ્લા કોંગ્રેસના અગ્રણી કાર્યકર્તાઓ દ્વારા ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી રેલીને પ્રસ્થાન કરાવી હતી જે રેલી કનસડા દરવાજાથી નીકળી શહેરના વિવિધ જાહેરમાર્ગો પર ફરી હતી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્મામાં બિરાજમાન મા અંબા પ્રત્યે અસીમ શ્રદ્ધા ધરાવતા માઈભક્તો દર પૂનમે અને બારે માસ દર્શન માટે ઉમટી પડે છે. ફાગણ સુદ પૂનમે ફાગ ઉત્સવની પૂનમ તરીકે ઉજવવામાં આવે છે. મંદિર ટ્રસ્ટ દ્વારા ફાગણ સુદ પૂનમને રવિવારે માઈ ભક્તોને મા ભગવતીના દર્શન માટે વિશેષ વ્યવસ્થાનું આયોજન કરવામાં આવ્યું છે.



ક્રમશઃ શિયાળાએ વિદાય લેતા જ... ઉનાળાએ ધરતી ઉપર હળવે પગલે પગરવ માંડ્યા છે... ઉનાળાની કાળઝાળ ગરમીમાં તુષાતુર કંઠની તરસ છિપાવતા ગરીબ અને મધ્યમ વર્ગના ફ્રિઝ એટલે 'માટલા'... જો કે પ્રવર્તમાન સમયમાં કેટલાક અંશે પરિસ્થિતિ બદલાઈ છે... જ્યાં બીપીએલ કાર્ડધારક પરિવારો ફ્રિઝના ઠંડા પાણીનો આસ્વાદ શોખથી માણી રહ્યા છે... જ્યારે સ્વાસ્થ્યને ધ્યાને રાખીને અમીરો ધીરે-ધીરે માટલાના શિત જળ તરફ વળ્યા છે...!! શિયાળામાં પકવેલા માટલા ઉનાળામાં પણ કુદરતી ઠંડુ પાણી પુરૂ પાડે છે. (તસવીર : દશરથ વણઝારા)

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧